# અધિક જિલ્લા ન્યાયાલય (કોર્ટ નં.૭) વડોદરા, મુ. કરજણ સમક્ષ.

**રેગ્યુ. દિવાની અપીલ નં.૦૧/૨૦૨૨**

**અમરસિંહ ભીખુબાવા અટાલીયા વિ. રંજનબેન નરપતસિંહ ભીખુબાવા અટાલીયા.**

## –:: આંક–૧૭, ૧૯ અને ૨૦ લગત સંયુકત હુકમ ::–

**૦૧)** આ અરજી અમરસિંહ ભીખુબાવા અટાલીયાના વારસો તેઓને પક્ષકાર તરીકે જોડવા સારૂ અને તેઓ વારસોને કામે દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાની રજૂઆત સાથે આ અરજી લાવેલ છે.

**૦૨)** અરજદાર તરફે વિ. વ.શ્રી એફ.એ.જીવા હાજર થયેલ છે. તેઓએ એવી રજૂઆત કરેલ છે કે, અરજી એ જ દલીલ ગણી હુકમ કરવા વિનંતી છે.

**૦૩)** સામાવાળા તરફે વિ. વ.શ્રી એસ.એમ.બહેલીમ વતી વિ.વ.શ્રી એમ.આઇ. રાઠોડ હાજર રહેલા છે. તેઓએ પણ રજૂઆત કરેલ છે કે, વિલંબ ૩૦ થી ૪૦ દિવસનો છે, તે ધ્યાને રાખી યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**૦૪)** બંને પક્ષકારોની રજૂઆત ધ્યાને લેતાં આ કામે એપેલન્ટ નં.૧ તા.૨૮/૦૨/૨૦૨૫ના રોજ અવસાન પામેલા છે. તેમનાં પુત્રો અને પત્ની આ કામે તેઓએ દાખલ કરવા માટે અરજી લઈને આવેલા છે. દાવાની વિષય વસ્તુ ધ્યાને લેતાં એપેલન્ટનાં અવસાન બાદ પણ તકરાર ઉપસ્થિત રહેલ છે. વિલંબનો સમયગાળો ૩૦ થી ૪૦ દિવસ જેટલો છે. સાથે વિલંબ માટેના દર્શાવેલા કારણો ધ્યાને લેતાં આ કામે વિલંબ માફ કરી એબેટમેન્ટ સેટએસાઇડ કરી, એપેલન્ટ નં.૧ ના વારસોને જોડી કામ આગળ ચલાવવા હુકમ કરવો યોગ્ય જણાય છે. સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ:–

**૦૧)** આંક–૧૭, ૧૯ અને ૨૦ આથી મંજુર કરવામાં આવે છે.

૦૨) આથી એબેટમેન્ટ સેટએસાઇડ કરી એપેલન્ટ નં.૧ અમરસિંહ ભીખુબાવા અટાલીયાનાં વારસોને કામમાં દાખલ કરવાનો આદેશ કરવામાં આવે છે.

૦૩) એપેલન્ટ તરફે જરૂરી સુધારો કરવો. સુધારેલી અપીલ મુળ સામાવાળાને આપવી.

હુકમ આજરોજ તારીખ **:૧૦મી,** માહે **: ઓકટોબર,** સને **: ૨૦૨૫**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Digitally signed by
MANOJ BHAILALBHAI KOTAK
Reason: OB Exh.17,19, 20 In RCA
at karjan
on 10/10/2025 12:26:07 IST.

સ્થળ: કરજણ.

**(મનોજ ભાઇલાલભાઇ કોટક)**
૭માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,
કરજણ
(જીજે.૦૦૭૧૮)

એચ.એમ.